
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

### આજે રાશિ મેષ

આજના ગ્રહોની કુંડળી




**આજે ચાંડાલ યોગ છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...(ચંદ્રનો મંત્ર 'ધનરાશિ' માટે દધિશંખ તુષારાભં ક્ષીરોદાર્ણય સંભયમ ! નમામિ શશીંમ્ સોમં, શંર્ભુ મુકુટ ભૂષણમ્ !!)**

**મેષ** રાશિમાં ચંદ્ર અને રાશિથી આઠમે રાશિપતિ સ્વગ્રહી મંગળની શનિ સાથે યુતિ (શનિ શભ્રુ ગ્રહ છે) આપના માટે આજે શુભ સંકેત આપનાર સ્થિતિ નથી. સાવધાની વર્તવી.

**વૃષભ** સાતમે સ્વગૃહી મંગળ - શનિ યુતિ. આજે આપના કૌટુંબિક જીવનમાં કલહ લાવનારી સ્થિતિ છે. દસમે સૂર્ય આપના કારોબારમાં આપને ટોચે પહોંચાડે તેમ છે. સાવધ રહેશો તો ફાવશો.

**મિથુન** અગિયારમે ચંદ્ર આપને સમુહમાંથી ઉત્પન્ન થતી ચીજવસ્તુઓથી - સાહિત્યથી - લાભ અપાવે. છઠ્ઠે મંગળ જમીન - મકાન અંગે કામો કરાવે - લાભ અપાવે - દિવસ સારો જશે.

**કર્ક** દસમે રાશિપતિ ચંદ્ર કેન્દ્રમાં છે માટે સારું ફળ આપશે. પરંતુ આઠમે સૂર્ય તે બીજે રાહુ સારું ફળ ન અપાવે માટે દિવસ દરમિયાન ચડઉતર રહ્યાં કરે. મિશ્રફળ પ્રાપ્ત થાય - પત્ની સાથે સારું બને - સાવધ રહેવું.

**સિંહ** આપની રાશિથી ચંદ્ર સિવાયના બધા જ કેન્દ્ર સ્થાનોમાં પાપ ગ્રહો આવેલ છે જે નાની નાની બાબતોમાં વિસંવાદિતા અને અહંકારને કારણે ઝઘડા કરાવે. શુદ્ધ હોય તો ઘરમાં રહી ભક્તિ કરવી.

**કન્યા** બારમે રાહુ ગુરુ સાથે ચાંડાલ યોગમાં છે. જેથી ખોટાં કૃત્ય થઈ શકે છે - કાયદાઓનો ભંગ કરવાના કૃત્યો આપના દ્વારા થઈ શકે છે - બંધન યોગ પણ સર્જાય છે - મિશ્રફળ મળે.

**તુલા** સાતમે ચંદ્ર - બીજે સ્વગૃહી મંગળની શનિ સાથેની યુતિના કારણે તમોને આર્થિક બાબતોમાં મિશ્રફળ - પ્રાપ્ત થશે. લાભ પણ થાય ને હાનિ પણ પહોંચે - કૌટુંબિક જીવન સારું વ્યતીત થાય - સાવચેતી રાખવી.

**વૃશ્ચિક** આપની રાશિથી ચંદ્ર સિવાયના બધા જ કેન્દ્ર સ્થાનોમાં પાપગ્રહો આવેલ છે - રાશિપતિ રાશિમાં છે - ક્રોધને - ગુસ્સા ને કાબૂમાં રાખવો જરૂરી છે. બને તો ભક્તિ - પૂજામાં સમય વ્યતીત કરવો.

**ધન** બારમે સ્વગૃહી પ્રબળ મંગળ - શનિની યુતિવાળો આપને ખોટા વાદવિવાદમાં અને ખોટા ખર્ચામાં ઉતારી શકે છે - ચંદ્રનો 'દધિ શંખ તુષારાભઃ'વાળા મંત્રના જાપ કરશો તો સારું.

**મકર** આઠમે રાહું બંધન યોગનો કારક છે - તેનું મારણ શંકર ભગવાનનું સ્મરણ છે - 'કરચરણકૃત, વાક્યંમ્ કર્મ જમ્ વા, શ્રવણ નયનંમ્' મંત્રનું સ્મરણ કરવાથી રાહુથી થતું નુકસાન અટકે છે.

**કુંભ** રાશિમાં સૂર્ય દસમા સ્વગૃહી મંગળથી દ્રષ્ટ હોઈ તેમજ કેન્દ્રના બધા સ્થાનોમાં ચંદ્ર સિવાયના બધા ગ્રહો આવી જતા હોઈ અહંકારને જીદ્દીપણાને કારણે ઝઘડાઓ કરશો - સાવધ રહેવું.

**મીન** બારમે સૂર્ય - બીજે ચંદ્ર - નવમે મંગળ - શનિ વિગેરે મીશ્ર યોગોનું ફળ મિશ્ર મળશે - સવારે ફાયદો થાય તો બપોરે નુકસાન થાય. અનુકૂળતા હોય તો ઈષ્ટદેવનું સ્મરણ કરતા રહેવું.

### જાહેર ખબર

આ વિભાગ તથા માન. મંત્રીશ્રીઓના કાર્યાલયોમાં ફાળવેલ એચ.પી. અને સેમસંગના મોનોલેસર અને કલર પ્રિન્ટર્સની કાર્ટીઝ રીફીલીંગની કામગીરી વાર્ષિક કરારના ધોરણે આપવાની છે. આથી રસ ધરાવતી અને પાંચ વર્ષની અનુભવી સ્થાનિક સંસ્થાોએ એચ.પી. પ્રિન્ટર કાર્ટીઝ નં. 388A (M202dw), 12A (1020), 6000-3A (2600N), CE320-322A (1525N) સેમસંગ પ્રિન્ટર કાર્ટીઝ નં. 109S (SCX 4300), 101S (3401) અને CLT6085 (CPL620ND)ના સ્થળ ઉપર સ્ટાન્ડર્ડ પાવડરથી રીફીલીંગના ભાવ (વાપરવાના પાવડરના જથ્થા સહીત) તથા રીપેરીંગ જેવું કે ડ્રમ, પીસીઆર રોલર, બ્લેડ, ચીપ વગેરે જરૂરીયાત મુજબ નાખી આપવાના ભાવ આ જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૭માં શ્રી એચ. જી. ભાભોર, સંયુક્ત સચિવ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં. ૫, ૯મો માળ, સરદાર ભવન, ગાંધીનગરને સીલબંધ કવરમાં મોકલી આપવા આથી જણાવવામાં આવે છે. કવરના મથાળે 'ખાનગી - કાર્ટીઝ રીફીલીંગના ભાવપત્રક' એમ અવશ્ય લખવું.

**એ. જી. ભાભોર**
સંયુક્ત સચિવ
માહિતી/૨૭૭૭/૨૦૧૫-૧૬ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

# ચિલોડા નજીક એક કોમ્પલેક્ષની દુકાનમાં તસ્કરો ત્રાટક્યા

## દુકાનની બારી તોડીને ઘુસેલા તસ્કરો લેપટોપ, સીસીટીવી કેમેરાનું ડીવીઆર તથા રોકડ મળી ૬૨ હજારની મત્તા ઉઠાવી ગયા : આ એમ.ઓ.થી આ જ દુકાનમાં અગાઉ પણ ચોરી થઈ હતી

ગાંધીનગર, તા. ૧૧

શહેર નજીક આવેલા ચિલોડા સર્કલથી દહેગામ જતા રોડ પર સ્થિત



પ્રમુખ ઈલાઈટ કોમ્પલેક્ષની એક દુકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા. રાત્રે જે મોડસ ઓપરેન્ડીથી બારી તોડીને તસ્કરોએ હાથફેરો કર્યો હતો તે જ પદ્ધતિથી છ મહિના અગાઉ પણ આ જ દુકાનમાં ચોરી થઈ હતી. આ વખતે દુકાનમાંથી લેપટોપ, ડીવીઆર, વાઈફાઈ આઉટર અને ૧૫ હજાર રોકડા મળીને કુલ રૂ. ૬૨ હજારનો મુદ્દામાલ ચોરી જવા પામ્યો હોવાનું દુકાન માલીકનું કહેવું છે. જો કે મોડી સાંજ સુધી ચિલોડા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કર્યો ન હતો.

ચિલોડા-દહેગામ રોડ પર સ્થિત પ્રમુખ ઈલાઈટ કોમ્પલેક્ષમાં આવેલી દુકાન નં. ઈ-૧૦૭, શ્રીરામ ઈન્સ્યોરન્સ સર્વિસમાં છ મહિના અગાઉ બારીમાંથી તસ્કરો ઘુસ્યા હતા અને ચોરી થઈ હતી. ગઈ રાત્રે આ જ પદ્ધતિથી ચોરી આ જ દુકાનમાં ઘુસ્યા અને ચોરી થવા પામી છે. ચંદ્રાલાના રહેવાસી દુકાન માલિક યોગેશભાઈ કાંતીભાઈ પટેલના જણાવ્યા મુજબ તેમની દુકાનમાંથી એક લેપટોપ, સીસીટીવી કેમેરાના ફુટેજ જ્યાં સ્ટોર થાય તે ડીવીઆર મશીન, વાઈફાઈનું હાઉટર અને રૂ. ૧૫ હજાર રોકડા મળીને કુલ રૂ. ૬૨ હજારની મત્તાની ચોરી થવા પામી છે. જો કે મોડી સાંજ સુધી ચિલોડા પોલીસમથકમાં આ બનાવ અંગે ગુનો દાખલ કરવામાં આવ્યો ન હતો.



જાણીતા કર્મચારી આગેવાન અને કર્મચારી સહકારી સંસ્થાઓના અગ્રણી શ્રી પ્રદિપસિંહ બિહોલા વય નિવૃત્ત થતા યોજાયેલ શુભેચ્છા સમારોહમાં મોટી સંખ્યામાં કર્મચારી આગેવાનો અને રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. શુભેચ્છકોની ઉપસ્થિતિમાં પ્રદિપસિંહ બિહોલાએ સૌનો આભાર માન્યો હતો અને ભારતીય જનતા પક્ષમાં જોડાવાની જાહેરાત કરી હતી. આ પ્રસંગે રાજયકક્ષાના મંત્રી વસુબેન ત્રિવેદી, ધારાસભ્ય અશોક પટેલ, મેયર હંસાબેન મોદી, મહાનગર ભાજપના પ્રમુખ નિતિનભાઈ પટેલ, ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા તથા મહામંત્રી મહેશસિંહ રાઓલ ઉપસ્થિત રહ્યા હતાં.

# આઠ સહાયક માહિતી નિયામકોને નાયબ માહિતી નિયામક તરીકે બઢતી

ગાંધીનગર, તા. ૧૧

માહિતી અને પ્રસારણ વિભાગના બે નાયબ માહિતી નિયામકોની બદલીના અને આઠ સહાયક માહિતી નિયામકોને વર્ગ-૧ માં નાયબ માહિતી નિયામક તરીકે બઢતી આપતા હૂકમો કરવામાં આવ્યા છે.

| નામ | હાલની જગ્યા | બદલી/બઢતીની જગ્યા |
|---|---|---|
| પી.જી. શાહ | નાયબ માહિતી નિયામક, મહેસાણા | ના.મા. નિયામક સોશીયલ મીડીયા માહિતી કમિશ્નર કચેરી |
| જી.બી. પંડ્યા | ના.મા. નિયામક પ્રા. માહિતી કચેરી, અમદાવાદ | ના.મા. નિયામક માહિતી કમિશ્નર કચેરી, ગાંધીનગર |
| શ્રીમતી એચ.જે. ત્રિવેદી | સહાયક માહિતી નિયામક, માહિતી કમિશ્નર કચેરી, ગાંધીનગર | ના.મા. નિયામક આર.આર. માહિતી કમિશ્નર કચેરી, ગાંધીનગર |
| કે.એસ. ત્રિવેદી | સ. માહિતી નિયામક, જિલ્લા માહિતી કચેરી, ડાંગ | ના.મા. નિયામક જિ.મા. કચેરી, હિંમતનગર |
| એમ.એમ. પટેલ | સ.મા. નિયામક ન્યુઝ, ગાંધીનગર | ના.મા. નિયામક ફિલ્મ પ્રોડક્શન મા. કમિશ્નર કચેરી |
| કુ. યુ.એ. વર્મા | સ.મા. નિયામક સંપાદન પ્રા.મા. કચેરી, સુરત | ના.મા. નિયામક પ્રા.મા. કચેરી, વડોદરા |
| એમ. વી. સંગાડા | સ.મા. નિયામક સંપાદન જિ. મા. કચેરી, તાપી | ના.મા. નિયામક જિ.મા. કચેરી, ભૂજ |
| આર. આર. તુરી | સ.મા. નિયામક પ્રકાશન મા. કમિશ્નર કચેરી | ના.મા. નિયામક પ્રકાશન મા. કમિશ્નર કચેરી |
| પી.એસ. પટેલ | સ.મા. નિયામક સંપાદન, પ્રા.મ. કચેરી, અમદાવાદ | ના.મા. નિયામક પ્રા.મ. કચેરી, અમદાવાદ |
| કુ. સ્વાતી ટી. રામાણી | સ.મા. નિયામક વહીવટી શાખા મા. કમિશ્નર કચેરી | ના.મા. નિયામક ઈલેક્ટ્રોનિક મીડીયા મા. કમિશ્નર કચેરી |



રૂપાલ ગામની વરદાયિની હાઈસ્કૂલના આચાર્યા બી.એસ. પટેલ ચોત્રીસ વર્ષની શિક્ષણ સાધના કરી વય નિવૃત્ત થતા તેમના આ વય નિવૃત્તિના દિવસે વિદાય અભિવાદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી રૂપાલ કેળવણી મંડળે આચાર્યને એક સ્મૃતિચિન્હ અને શાલ ઓઢાડી અભિવાદન કર્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં રતિભાઈ પટેલ, બળદેવભાઈ પટેલ, મંડળના પ્રમુખ હસમુખભાઈ, ઉપપ્રમુખ ડાહ્યાભાઈ, રાજેશભાઈ ખરાડી, કાન્તિભાઈ પટેલ, પુંજીરામભાઈ, ગ્રામજનો સરપંચ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. પી.આર.ચૌધરીએ કર્યુ હતું.

## અરજી ફગાવાઈ... ● પહેલા પાનાનું ચાલું

સુપ્રીમ કોર્ટ ગયા સપ્તાહમાં અરજી પર સુનાવણી ચલાવવા માટે સહમત થઈ ગઈ હતી. કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં ભારે ચર્ચા જગાવનાર અને રાજકીયરીતે સંવેદનશીલ બની ગયેલા ઈશરત જહા એન્કાઉન્ટર કેસમાં રહેલી ફાઈલોમાં ફરી તપાસ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેથી કેટલીક નવી વિગતો પણ આ મામલે ખુલી શકે છે. મંત્રાલયને આ તપાસ કરવા પાછળ કેટલાક કારણો આપ્યા છે. પૂર્વ ગૃહ સચિવ જીકે પિલ્લાઈએ હાલમાં દાવો કર્યો હતો કે પૂર્વ કન્દ્રિય પ્રધાન પી. ચિદમ્બરમે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવનાર એફિડેવિટમાં એ વખતે ફેરફાર કર્યા હતા.

## નવો અંદાજ... ● છેલ્લા પાનાનું ચાલું

હતી. જેમાંથી શહેરના ઘ માર્ગ ઉપરાંત રોડનં ૪ બી સહીત અન્ય રસ્તાઓનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે વિભાગના પ્લાન્ટમાંથી હાથ ધરાયેલી આ કામગીરી અન્વયે સે-૨૮ જી આઈ ડી સીના રસ્તાના કામો પણ હાથ ધરવા માટે આયોજન કરવામાં આવ્યુ હતુ. તંત્ર દ્વારા જી આઈ ડી સી ના રસ્તાઓની સુધારણા માટે કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. પરંતુ લાંબા સમયના અંતે આ વિસ્તારમાં માર્ગોની મરામતનુ કામ હાથ ધરવામાં આવ્યુ ન હોવાથી રસ્તાના ઠેકાણે મોટામસ ખાડાઓ અસ્તિત્વમાં આવ્યા છે. જેના પરિણામે આ વિસ્તારમાં હજુ માર્ગ સુધારણાનુ કામ હજુ ૩૦ ટકા જ થઈ શકયુ છે. જયારે આગળની કામગીરી માટે રિવાઈઝ એસ્ટીમેટ તૈયાર કરવો પડે તેવી સ્થિતિ છે. વર્ષોના અંતે પણ જીઆઈડીસી વિસ્તારમાં રસ્તાઓનુ નવિનીકરણ થઈ શકયુ નથી. આ એન્જિનિયરીંગ એસ્ટેટમાં રસ્તાઓનુ કામ ઝડપથી પુર્ણ કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## પ્રાંતિજના મજરા પાસે આઈશરમાં લઈ જતા ૨૪ પશુઓને પોલીસે પકડી પાડ્યા

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મજરા પાસે સવારના ૬ વાગે વગર પાસ પરમીટ વગર ૨૪ પશુઓ ભરીને જતી આઈશરને પોલીસે પકડી પાડી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ તાલુકાના મજરા ચોકડી પાસે વહેલી સવારે રાજસ્થાન બાજુથી અમદાવાદ તરફ જઈ રહેલ ૨૪ પશુઓ ભરેલ આઈશર નં. જીજે૨૩-ટી.૭૭૭૮માં ભરીને જતી આઈશરે આગળ જતી ડમ્પર જીજે૦એક્ષ ૬૫૮૧ને પાછળથી અકસ્માત કરતાં મજરા ચોકડી ઉપર તાત્કાલિક પોલીસ દોડી આવી હતી.

## ધાનેરાના જડિયા-રામપુરા વચ્ચે બાઈક અને જીપ વચ્ચે અકસ્માત

ધાનેરા, તા. ૧૧

બનાસકાંઠાના ધાનેરાના જડિયા ગામ પાસે બાઈક અને જીપ વચ્ચે અકસ્માત સર્જાતા એકનું મોત નીપજ્યું છે તો અન્ય એક વ્યક્તિને ગંભીર ઈજા થતા ચકચાર મચી જવા પામી છે.

બનાસકાંઠાના ધાનેરા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં જાણે યમરાજાએ ધામા નાખ્યા હોય તેમ એક બાદ એક લોકો અકસ્માતમાં મોતને ભેટી રહ્યા છે. ત્યારે આજે પણ બનાસકાંઠા જિલ્લાના ધાનેરાના જડિયા અને રામપુરા ગામ વચ્ચે બાઈક અને કનડી જીપ વચ્ચે અકસ્માત થતા બાઈકચાલક ભુપતભાઈ શાંતિભાઈ લવાર ઉં.વ. ૨૫ રહે. લાવારવાળાનું ઘટનાસ્થળે મોત નીપજ્યુ છે. તો અન્ય એક વ્યક્તિ ઘાયલ થયો છે. અકસ્માત સર્જાતા જાહેર રસ્તા પર ટ્રાફિક જામ થઈ ગયું હતું. સમગ્ર ઘટનાની જાણ ધાનેરા પોલીસને કરતા ધાનેરા પોલીસે તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી ટ્રાફિક દૂર કર્યુ હતુ અને અકસ્માત ગુનો નોંધી મૃતદેહને પી.એમ. અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલ ખસેડવામાં હતો.

### ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લી., ગાંધીનગર

**જાહેર નિવિદા**

**જાહેરાત ક્રમાંક : ૧૭/૨૦૧૫-૨૦૧૬**

**કાર્યપાલક ઇજનેરશ્રી, યુનિટ-૨ (સુજલામ સુફલામ), સ્ટેટ વોટર ડેટા સેન્ટર, બીજો માળ, સેક્ટર-૮, ગાંધીનગર**

**ફોન : ૦૭૯-૨૩૨૩૬૭૧૨**

| અનું. | વિગત | કામની વિગત |
|---|---|---|
| ૧. | કામનું નામ | કોન્સેપ્ટ્યુલાઈઝીંગ, એકઝીક્યુશન એન્ડ સુપરવીઝન ઓન થીમ પેવેલીયન એન્ડ એકઝીબીશન ઓફ વોટર રીસોર્સ ડીપાર્ટમેન્ટ ડ્યુરીંગ, ઈન્ડીયા વોટર વીક-૨૦૧૬ એટ પ્રગતિ મેદાન, ન્યુ દીલ્હી, ફોમ ૦૪/૦૪/૨૦૧૬ ટૂ ૦૮/૦૪/૨૦૧૬ |
| ૨. | અંદાજીત રકમ | રૂપિયા ૪,૯૪,૯૦૦/- |
| ૩. | ટેન્ડર | બી-૧ |
| ૪. | ટેન્ડર ફી | રૂપિયા ૬૦૦/- |
| ૫. | કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ | તા. ૧૬-૩-૨૦૧૬ ૧૭.૦૦ કલાક સુધી |
| ૬. | ટેન્ડર ભરી પરત કરવાની તારીખ | તા. ૨૨-૩-૨૦૧૬ ૧૭.૦૦ કલાક સુધી |
| ૭. | ટેન્ડર ખોલવાની તારીખ | તા. ૨૩-૩-૨૦૧૬ના રોજ ૧૨.૦૦ કલાકે |
| ૮. | વેબ સાઈટની વિગત | વધુ વિગતો નિગમ / સરકારશ્રીની વેબ સાઈટ www.gwrdc.gujarat.in અથવા www.statetender.com મારફતે જોઈ શકાશે. |

**માહિતી/૨૭૯૧/૨૦૧૫-૧૬**







